॥ શ્રી પદ્મપ્રભસ્વામીને નમઃ ॥
॥ યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિ-કીર્તિ-કૈલાસ-સુબોધ-મનોહર-
કલ્યાણસાગર સૂરીશ્વરેભ્યો નમઃ ॥
॥ પ્રત્યક્ષ પ્રભાવી સમ્યક્દષ્ટિદેવ શ્રી ઘંટાકર્ણ મહાવીરાય નમઃ ॥

પરમપૂજ્ય યોગનિષ્ઠ આચાર્ય ભગવંત

# શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબનું

# સંક્ષિપ્ત જીવન કવન

❖ ઉપલક્ષ ❖

યોગનિષ્ઠ આચાર્ય મહોત્સવ ત્રિવેણી વર્ષ
(જન્મ ને ૧૨૫ વર્ષ, દીક્ષાને ૧૦૦ વર્ષ, સ્વર્ગવાસને ૭૫ વર્ષ)
પ્રસંગે

## સાધના શિક્ષણ સમાજોત્થાન

## કાર્ય ત્રિવેણી સત્ર

પ્રથમ આવૃત્તિ ❖ સંવત્ ૨૦૫૬

❖ પ્રેરક ❖
પૂ. ગણિવર્ય શ્રી દેવેન્દ્રસાગરજી મ.સા.

❖ આલેખન ❖
ચીમનલાલ કલાધર

❖ પ્રકાશક ❖
શ્રી મહુડી (મધુપુરી) જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક ટ્રસ્ટ (ઉ.ગુજરાત)



પરમપૂજ્ય યોગનિષ્ઠ આચાર્ય ભગવંત

# શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી

# મહારાજ સાહેબનું

# સંક્ષિપ્ત જીવન કવન

❖ પ્રેરક ❖

પૂ. ગણિવર્ય શ્રી હેમેન્દ્રસાગરજી મ.સા.

❖ આલેખન ❖

ચીમનલાલ કલાધર

❖ પ્રકાશક ❖

શ્રી મહુડી (મધુપુરી) જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક ટ્રસ્ટ (ઉ. ગુજરાત)

॥ ૐ નમો પાર્શ્વનાથાય ॥ ॥ ૐ નમો બુદ્ધિસાગરસૂરિ સર્વદા ॥ ॥ ૐ નમો ઘંટાકરણાય ॥

# પરમપૂજ્ય યોગનિષ્ઠ આચાર્ય ભગવંત
# શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબની
# જીવન જ્યોત
# જીવન સાગર

**જન્મ**

જ્યારે ભારતદેશ ગુલામીની જંજીરોમાં જકડાયેલો હતો, લોકો અંધશ્રદ્ધા, ગરીબી અને તાનાશાહી માં ડૂબેલા હતા તેવા સમયે ગુજરાતની ઐતિહાસિક ભૂમિ વિજાપુરમાં એક સ્વાતંત્ર્ય પ્રેમી, સમાજ સુધારક, વીર, નીડર, ધર્મપુરુષનો જન્મ થયો.

વિજાપુર-વિદ્યાપુરી નગરી જૈનોની ઘણી પ્રાચીન નગરી છે. અહીં ઘણા ઉત્તુંગ, પ્રાચીન જિનાલયો છે. અહીંના ધર્મશ્રદ્ધાળુ, પરોપકારી, સશક્ત માનવતાવાદી કણબી પાટીદાર જ્ઞાતિના અગ્રણી શ્રી શિવાભાઈ પટેલ અને સુશીલ પત્નિ અંબામાના ઘરે વિ. સં. ૧૯૩૦ મહાસુદ ચૌદશ શિવરાત્રીના દિને શુભ સ્વપ્નથી સૂચિત એક તેજસ્વી બાળકનો જન્મ થયો. તેઓ માત-પિતાનું પાંચમું સંતાન હતા.

પિતા શિવાભાઈ અને માતા અંબામા જ્યારે ખેતરમાં કામ કરતા હોય ત્યારે બાળકને ઝાડ પર બાંધેલી કપડાની ઢોળીમાં સુતું હતું ત્યારે એક કાળો ઝેરી સર્પ બાળકની ઝોળીની પાસે આવી જાય છે. આ ભયાનક દૃષ્ય જોઈને સર્વ લોકો ભયભીત થઈ ગયા. બધા મનોમન બાળકને બચાવી લેવા ઈશ્વર ને પ્રાર્થના કરવા લાગ્યા. માતાએ મા બહુચરાને બાળકને બચાવી લેવા ખરા દિલ થી પ્રાર્થના કરી. એ સાથેજ સર્પ ધીરેથી વૃક્ષપરથી નીચે

ઉતરી જતાં બધાને હૈયે શાંતિ થઈ. માતાએ બહુચરમાને ઘીના પાંચ દીવા કર્યાં અને બાળકનું નામ બહેચર દાસ રાખ્યું. એક મહાત્માએ ભાવિની આગાહી કરતાં કહ્યું કે આ બાળક તો મોટો સંત યોગી થશે.

**વિદ્યાર્થી જીવન**

છ વર્ષ ની ઉંમરે તેમણે શિક્ષણ લેવાનો પ્રારંભ કર્યો. ધીમે ધીમે પ્રગતિ કરતાં તેઓ પહેલું, બીજું, ત્રીજું એમ ઉત્તરોત્તર ધોરણો માં પ્રથમ ક્રમાંકે ઉત્તિર્ણ થવા લાગ્યા. તેઓ ભણવામાં, ખૂબ તેજસ્વી હતા. બહેચરદાસ વડીલો, સાધુસંતો વગેરે જે વસ્તુ ની ના ફરમાવે તેવા કાર્ય તે કદી કરતાં નહિ. આમ વડીલો ની આજ્ઞા હંમેશા શિરોધાર્ય કરવાને કારણે તેઓ પ્રેમાળ, દયાવાન અને ચારિત્રવાન વિદ્યાર્થી બન્યા. તેમના ભાઈબંધ-દોસ્ત પણ ઘણા હતા. તેઓ સર્વ આંબલી-પીપળા વગેરે ઝાડોની આસપાસ રમતા અને સંત સમાગમ કરતા.

બાળક બહેચરે સરસ્વતી દેવી ની આરાધના કરવા માટે મિત્ર ને ત્યાંથી જુના હસ્તલિખિત ગ્રંથમાંથી સરસ્વતી મંત્ર શોધીને તેમના કહેવાથી ભાદાણીવાડના દેરાસરમાં માતા પદ્માવતીદેવી સમક્ષ સાધના કરી. આમ ધીરે ધીરે તેમનામાં ધર્મ પ્રત્યે આસ્થા વધતી ગઈ.

**અંધશ્રદ્ધા નિર્મૂલન સમિતિ.**

સવંત ૧૯૪૫માં કોલેરા ફાટી નીકળતા ગામમાં ઘણા માણસો મરવા લાગ્યા. આમાંથી બચવા માટે ઘણા લોકો યજ્ઞ કરતા અને એમાં પશુવધ પણ કરતા હતા. ગામમાં રોગીને સારો કરવા માટે ઘણી જગ્યાએ ભૂવાઓ ધૂણીકરીને ધૂણતાં હોય ત્યાં બહેચરદાસ અને તેમની ટોળકી પહોંચી જઈને તેમને ડરાવીને ભગાડી ત્યાં મુકેલા પુરી-લાડવા વગેરે આરોગી જતાં હતા. આમ નાનપણથી જ તેઓ નીડર હતા. અંધ શ્રદ્ધાઓનો હિંમતથી સામનો કરતા હતા.

વિદ્યાસાધન સાથે સારા આચાર-વિચાર કેળવવા માટે તેમણે એક

અધ્યાપકના કહેવાથી રાત્રી ભોજન અને કંદમૂળનો ત્યાગ કર્યો હતો.

બહેચરદાસ જ્યારે છઠ્ઠા ધોરણમાં ભણતા હતા ત્યારે તેમના શિક્ષકે મોટી ઉંમરે લગ્ન કર્યાં. નવી વહુને ભૂત વળગી ગયું હતું જે ગામમાં આવેલા એક ફકીરે ઘણા ઉપાય કરીને કાઢી આપ્યું. તેણે ગામ બહાર કબર પાસે ઘી-ગોળ અને લોટનો બનાવેલો મલીદો ચઢાવવા કહ્યું. ત્યાં જવા માટે કોઈ તૈયાર ન થયાં શિક્ષકે આ કાર્ય બહેચરને સોપ્યું. બહેચરે કબર પાસે આવીને દીવો કરીને પીર સાહેબ ને પ્રાર્થના કરી કે તેઓ જલદી મલીદો આરોગી લે કારણકે તેઓ રાત્રી ભોજન કરતાં ન હોવાથી અને માં ચિંતા કરે માટે જલ્દીથી નીકળી જશે. તેઓ ત્યાં દશ-પંદર મિનિટ રોકાયાં પછી થાળી ખોલીને જોયું તો ત્યાં સર્વ વસ્તુ એમજ હતી. માટે તેમણે તો પીરસાહેબને કહ્યું કે તેમને વાંધો ન હોય તો પોતે બધું ખાઈ જશે એમ કહીને તેઓ તે ખાઈ ગયા અને થાળી શિક્ષકને પાછી આપી તથા સર્વ બીના કહી સંભળાવી. આ સાંભળતાં જ શિક્ષક ગભરાય ગયા, રખે ને બાળકને કંઈ થઈ જાય; આવી ગજબ બહાદુરી તેમનામાં હતી.

## દયાભાવ અને સંત સમાગમ

એકવાર સંત શિરોમણી વૃદ્ધ મુનિ શ્રી રવિસાગરજી રસ્તાપર શાંતિથી પસાર થઈ રહ્યા હતાં તેવામાં એક ભડકેલી ભેંસ તેમના તરફ ધસી આવતી હતી. આ દૃશ્ય બહેચરે જોયું અને તે વીજળીના ત્વરાથી ભેંસ તરફ પહોંચ્યો અને તેને જોરથી લાકડી ફટકારીને કાબૂમાં લીધી. ક્ષણમાત્રનો વિલંબ મહા અનર્થનું સર્જન કરી દેત પરંતુ બહેચરે પરિસ્થિતિ સંભાળી લીથી. વૃદ્ધ મુનિએ આશિર્વાદ આપ્યા અને કહ્યું કે લાકડીથી ભેંસને પીડા થઈ હશે. અહિંસા અને દયાની આ વાત સાંભળીને બહેચરને આશ્ચર્ય થયું. મુનિ શ્રી રવિસાગરજીના આમંત્રણનો સ્વકાર કરીને તેઓ ઉપાશ્રય ગયા. ત્યાં તેમની બહાદુરીના ગુરુ રવિસાગરજીએ ખૂબ વખાણ કર્યા. પછી તો બહેચર દાસ અવાર નવાર ઉપાશ્રય તેમનો ઉપદેશ શ્રવણ કરવા જવા લાગ્યા. બહેચરદાસની પ્રભુને પ્રાપ્ત કરવાની ઉત્કંઠા જોઈને ગુરુએ તેમને શાસ્ત્રાભ્યાસ કરવા પાઠશાળામાં દાખલ કરાવ્યા.

તે સમયની સામાજિક સ્થિતિ અનેક દુષણોથી વ્યાપ્ત હતી. સ્વાર્થી લોકો નિર્દોષ પશુઓનું શોષણ કરતા. જ્યારે ગાય દૂધ આપવાનું બંધ કરે ત્યારે તેને ઘાસચારો પણ નહિ મળતો. કેટલાક શાહુકારો વ્યાજ ચુકવી ન શકનારા ખેડુતો પાસેથી જમીન લઈ લેતા. તેઓ પોતાની માલિકીના ખેતરમાંજ મજુર બનીને કામ કરતાં થઈ જતા. વહેમ, અજ્ઞાન અને અંધશ્રદ્ધામાં ડૂબેલી પ્રજાને જોઈને બહેચરદાસનું નાજુક હૃદય ખૂબ ખેદ અનુભવતું હતુ. તેમને અહિંસા અને દયાની વાત શીખવનાર જૈન ધર્મ પ્રત્યે અને કડક આચાર પાળતા જૈન સાધુઓ પ્રત્યે ખૂબ માન વધ્યું અને તેઓ જૈન ધર્મના આચારો પાળવા લાગ્યા. જે કણબી કુટુંબમાં કાંદા કે બટાકા વગર એક શાક ન બને તેવા કુટુંબનો સંતાન રોટલો ને મરચાંથી પણ ભોજન કરી લેતો. ખેતરમાં કામ કરવાની સાથે તેમનો અભ્યાસ પણ ચાલુ હતો.

**કવિતા સર્જન**

બહેચરે બધા દોસ્તો સાથે મળીને એક મંડળીની સ્થાપના કરી જેનો મુખ્ય હેતુ સાહિત્ય વાંચન અને લેખન હતો. તેઓ સર્વ કવિ દલપતરામની કવિતાઓ ખૂબ હોંશથી વાંચતા.

સરસ્વતી માતાને દીવો કરી હૃદયના ઉંડાણમાંથી આપોઆપ રેલાતા શબ્દો વડે પ્રથમ સર્જન તેમણે કર્યું

*ઓ ઈશ્વર માબાપ તું, તું છે તારણહાર*
*સારો કર મુજને પ્રભુ, લે મારી સંભાળ,*
*સારી વિદ્યા આપ તું, દુર્ગુણ દોષો ટાળ,*
*કૃપા કરી મુજને પ્રભુ, ગણજે તારો બાળ*

**ધર્મ પિતા અને ધર્મ માતા**

વીજાપુર નિવાસી ભક્તિવંત, દયાવાન, શ્રધ્ધેય શ્રીયુત નાથુભાઈ મંછારામ અને તેમના ધર્મ પત્નિ જડાવબેને આ પુણ્યશાળી આત્માને પિછાની લીધો. તેઓ બહેચરદાસનાં ધર્મપિતા અને માતા બન્યા. બહેચરની બધી બાબતોનું તેઓ સંપૂર્ણ ધ્યાન રાખતા. તેમના સંસ્કાર અને મહેનતના પ્રતાપે

તેઓ સર્વ વિષયમાં પારંગત બન્યા. બહેચરદાસનો જૈન ધર્મ પ્રત્યેનો ભાવ જોઈને ઘણા લોકો એમનો વિરોધ કરતા. બહેચરદાસે જૈનોની કઠિન તપશ્ચર્યા આયંબીલની ઓળી ધર્મના માતા-પિતાની સાર-સંભાળ હેઠળ પુરી કરી. લોકોની ટીકાનો જવાબ આપતાં તેમણે કહ્યું, તેઓ શીરા માટે શ્રાવક થયા નથી. જૈન ધર્મના સિદ્ધાંતો તથા જૈન મુનિઓના આચાર-વિચાર અને દયાભાવ જોઈને તેઓ જૈન ધર્મ પ્રત્યે આકર્ષાયા છે. જૈન સાધુઓ ઉગ્ર તપશ્ચર્યા કરે છે અને હાથ વડે મસ્તક પરના વાળ ખેંચે છે, ઉત્તમ ચારિત્ર પાળે છે, પૈસા ને સ્પર્શતા પણ નથી. ટીકા કરનાર વ્યક્તિ કદી સાધુઓ પાસે બે કલાક પણ સાથે નહી રહ્યા હોય માટે જ આવી ટીકા કરતા હોય છે. એમની આવી નિખાલસ દલીલો સાંભળીને વિરોધીઓ ચુપ થઈ ગયા અને બહેચરદાસ ધર્મના માર્ગ પર નિરંતર ગતિ કરતા આગળ વધતા ગયા. દર્શન, સેવા પૂજા, અભ્યાસ, સ્વાધ્યાય, પ્રતિક્રમણ, સંતસેવા વગેરે તેમના નિત્ય જીવનમાં અંગ બની ગયા. આ સમય દરમ્યાન તેમને વિજાપુર નજીકના આજોલ ગામથી યતિશ્રી ગણપતસાગરજીના શિષ્ય બાપાલાલજી ને ભણાવવા માટેનું આમંત્રણ મળ્યું જેનો તેમણે સહર્ષ સ્વિકાર કર્યો જેથી ભણવવાની સાથે પોતે પણ વિદ્યાભ્યાસ કરી શકે અને આજીવિકાની પણ ચિંતા રહે નહીં. શુભમુહુર્તે ધર્મના માતા-પિતા તથા સ્વજનોની અનુમતિ લઈને મનમાં નમસ્કાર મહામંત્રનું રટણ કરતાં તેમણે આજોલ ગામ તરફ પ્રયાણ કર્યું.

આજોલ ગામની કુદરતી શોભા અવર્ણનીય કહી શકાય એવી હતી. સુંદર જિનમંદીર, ઉપાશ્રય, બોરિયા મહાદેવનું મંદીર તથા સવારસાંજ આરતી અને ઘંટનાદોથી આખું ગામ ગૂંજી ઉઠતું. આવા પવિત્ર વાતાવરણમાં તેમને સરળ, શાલીન શ્રી વિનયવિજયજી મહારાજ સાહેબનો પરિચય થયો. શ્રી વિનયવિજયજી સાથે તેઓ પૂજ્ય આત્મારામજીના ગ્રંથોનો અભ્યાસ કરતા હતા.

તેઓની સતત લગન, પરિશ્રમ, ચિંતન અને મનનથી તેઓ જૈન ધર્મના તત્વને પામ્યા. તેઓ હંમેશા આત્મવિશ્વાસ અને જીવનશુદ્ધિ પર લક્ષ

રાખતા હતા. તેઓએ જીવનમાં નિયમોને મહત્વનું સ્થાન આપ્યું હતું. તેમણે અપનાવેલા કેટલાક નિયમો આ પ્રમાણે છે. - હું ઉત્તમ જૈન બનીશ. ઉત્તમ જૈનપણું સમજવા શાસ્ત્રનું અધ્યયન કરીશ. જૈન શાસ્ત્રોમાં અધ્યયન માટે ગમે તેવા કષ્ટ સહીશ. સંસ્કૃત, પ્રાકૃત, પાલી, અર્ધમાગધી વગેરે ભાષાનું જ્ઞાન પ્રાપ્ત કરીને અધ્યયન કરીને બ્રહ્મચર્યનું પાલન કરીશ. સ્ત્રી વર્ગ સાથે પરિચયમાં નહિ આવુ. સત્ય બોલીશ. સ્વાર્થ માટે કોઈની જૂઠી ખુશામત કરીશ નહિ. જાહેરમાં કોઈની અંગત વાત કરીશ નહિ. કોઈને ક્રોધ થાય એવા વચન કે પ્રવૃત્તિ કરીશ નહિ. શત્રુનાં સદ્‌ગુણો હશે તે વખાણીશ કોર્ટમાં જુઠી સાક્ષી આપીશ નહિ. હંમેશા ભૂલોની આલોચના કરીશ. નિત્ય જિનેશ્વરજી પ્રતિમાના દર્શન કરીશ. રોગી, દીન મનુષ્યોની હંમેશા સેવા કરીશ.

આવા કડક નિયમોનું તેઓ પાલન કરતાં આત્મવિકાસના પગથિયા ઉત્તરોત્તર ચઢી રહ્યા હતા.

એકવાર આજોલ ગામમાં જુના વેરઝેર ને કારણે પાસેના ગામના ઠાકોરો ગામની ગાય-ભેંસ-પશુ ધનને લાકડી વગેરેથી હંકારી જવા લાગ્યા. આવી આફતના સમયે ગામમાં બૂંગિયો વાગતો હોય છે. આ બૂંગિયાનો અવાજ સાંભળીને હાથમાં લાકડી વગેરે સાધનો લઈને બહાર નીકળવાને બદલે બધા લોકો ઘરનાં બારણાં બંધ કરીને અંદર ભરાઈ જવા લાગ્યા. આ દૃશ્ય જોઈને નીડર બહાદુર બહેચર તરતજ ઉપાશ્રયની બહાર હાથમાં દંડો લઈને અન્યાયનો સામનો કરવા નિકળ્યા. એમની પંડછંદ કાયા અને પહાડી અવાજ સાંભળીને પાસેના ગામના ઠાકરડાઓ ગાય ભેંસ ત્યાં જ રાખીને ભાગી ગયા. લોકો કહેવા લાગ્યા કે-એ તો કણબીપુત્ર છે માટે લડવા તૈયાર થયા છે એનામાં જૈન ધર્માના સંસ્કાર ક્યાંથી હોય ? આવી ટીકાનો સણસણતો ઉત્તર આપતા તેમણે કહ્યું કે ‘જૈન ધર્મ વીરો નો ધર્મ છે. ક્ષત્રિયોનો ધર્મ છે. ઈતિહાસ જોશો તો ખબર પડશે કે કેટલાયે જૈન રાજા, જૈન પ્રજા અને જૈન સાધુઓએ ધર્મરક્ષા કાજે હથિયાર ઉપાડ્યા છે. કાયર બનશો તો મંદીર, ઘર, ઉપાશ્રય કે દુકાનની રક્ષા કેવી રીતે કરી શકશો. જીવદયાના બહાના હેઠળ કાયરતા પંપાળવી એના કરતાં પ્રાણની આહુતિ આપવી સારી.’

આમ તેઓ ટીકાકારોથી ડરી જતાં નહિ પરંતુ તેમની ગેરસમજ દૂર કરતાં.

અહીંયા તેમનો પરિચય ત્યાગી મુનિ શ્રી કર્પૂરવિજયજી "સન્મિત્ર" સાથે થયો. તેમની ઉપદેશ આપવાની ઉત્તમ શૈલી તથા તેમની વૈરાગ્ય દશા અને ચારિત્ર ભાવથી તેઓ ખૂબ પ્રભાવિત થયા.

આજોલમાં મીરોની ઘણી વસતી હતી. તેઓ પ્રભુભક્તિમાં ગીત અને ભજનો રચીને ગાતા હતા. રાજદરબારમાં ગીતો ગાઈને મળતી આજિવકાથી તેઓ પ્રસન્ન રહેતા હતા. તેઓ મુસ્લિમ ધર્મ પાળતા.,તેઓ બહેચરદસના દોસ્ત બની ગયા. આભુમીર નામના ગૃહસ્થ સાથે પણ દોસ્તી થઈ જે પાછળથી ગુરુદેવના ભક્ત બન્યા.

બહેચરદાસ આજોલથી પૂ. રવિસાગરજીની પ્રેરણાથી વધુ અભ્યાસ માટે મહેસાણામાં શ્રી યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા માં દાખલ થયા. આ સંસ્થા ફક્ત સાધુઓના પઠન પઠન માટેની હતી. બહેરદાસ ગૃહસ્થ હતા. છતાં ધર્મપિતા નથુભાઈએ મહેસાણા નિવાસી શેઠ નગીનદાસ તારાચંદ સાથે પત્રવ્યવહાર કરીને જરૂરી પરવાનગી મેળવી લીધી હતી. અહીં તેમણે જૈન દર્શનનું તલસ્પર્શી અધ્યયન કર્યું. તેઓ એક સાચા સાધકની જેમ જીવન વિતાવવા લાગ્યા. તેમને પૂજ્ય રવિસાગરજીની ગુરુ સેવામાં ખૂબ આનંદ આવતો હતો. ગૂરુની ચિરવિદાય એમને ખૂબ વસમી લાગી.

મહેસાણામાં તેમણે પુરાણ, ભાગવત, ગીતા, વેદાંત તથા સ્વામિનારાયણ સંપ્રદાયનો શિક્ષાપત્રી ગ્રંથ, બ્રહ્માનંદ કાવ્યમાળા વગેરે ઘણા ગ્રંથોનો અભ્યાસ કર્યો. હંમેશા સાધુસંતોની સેવા સુશ્રુષાં રહેતા. તેમણે શ્રી કર્પૂરવિજયજી પાસે આજીવન બ્રહ્મચારી રહેવાની પ્રતિજ્ઞા લીધી હતી. પાલીતાણા તળેટીમાં આવેલી સરસ્વતી દેવીની ગુફામાં અઠ્ઠમ તપનું વ્રત લઈ દેવીની આરાધના કરીને તેઓએ તેમને પ્રસન્ન કર્યા.

**બહેચરમાંથી બુદ્ધિસાગર – સંયમના પુનિત પંથે પ્રયાણ**

મહેસાણામાં છપ્પાનિયા દુકાળ ના સમયે ઘણું રાહતકાર્ય કર્યું. તેમણે

માતા-પિતાના અવસાન પછી સર્વની અનુમતિ લઈને પચ્ચીસ વર્ષની યુવાન વયે ક્ષણિક સંસારનાં સંબંધો ત્યજીને પરમાત્મા સાથે અતૂટ સંબંધ બાંધવા માટે દીક્ષા લેવાનું નક્કી કર્યુ.

પાલનપુરમાં ખૂબ ઠાઠમાઠ થી સકળ સંઘની હાજરીમાં સંયમની ઊંચી ભાવના ભાવતાં પૂજ્ય રવિસાગરજીના સુવિનીત શિષ્ય ગુરુ સુખસાગરજી પાસે વિધિપૂર્વક વિ. સં. ૧૯૫૬ના માગસર સુદ છઠ્ઠના દિને દીક્ષા અંગીકાર કરી, બહેચરમાંથી પૂજ્ય મુનિ બુદ્ધિસાગર બન્યા.

મુનિ શ્રી બુદ્ધિસાગરજીના બાહુ ઢીંચણ સુધી પહોંચતા હતા. જે અજાન બાહુ કહેવાય છે અને એ મહાનપુરુષનું લક્ષણ છે. તેમના મસ્તક પર ચંદ્રમાં તથા હાથ પગના દરેક આંગળા પર પણ ચંદ્ર હતો. એમના પહાડી અવાજમાં વીરતાનો ધબકાર સાંભળવા મળતો. એમનું હૃદય સુકોમળ અને ચહેરા પર મસ્ત ફકીરની બેપરવાહી નજરે પડતી. તેમણે પોતની બુદ્ધિપ્રભાનો પરિચય એક જ દિવસમાં ત્રણસો ગાથાનું પકિખસૂત્ર કંઠસ્થ કરીને આપ્યો. તેઓએ પાટણમાં પોતાના આદ્ય ઉપકારી ગુરૂ શ્રી રવિસાગરજીની પાદુકાની પ્રતિષ્ઠા કરવી.

તેમણે પ્રથમ ચાતુર્માસ સુરતમાં કર્યું. ત્યાં તેઓ ઘણા યતિશ્રીઓ, મંત્રવાદીઓ અને સાધુઓને મળ્યા. ત્યાં તેમણે ઘણી મંત્ર સાધના કરી. જેમાં પૂજ્ય શ્રી રવિસાગરજીએ પોતાના અંતિમ દિવસોમાં આપેલ સમ્યકત્વી દેવ શ્રી ઘંટાકર્ણ વીર મંત્રકલ્પ, પદ્માવતી દેવી કલ્પ વગેરે મુખ્ય હતા. સુરતમાં ખ્રિસ્તી ધર્માવલંબીઓએ જૈન ધર્મ પર અણછાજતી ટીકાઓ વાળું પુસ્તક છપાવ્યું હતુ. આ બનાવથી આખા જૈન સમાજમાં ખળભળાટ મચી ગયો. નવદીક્ષિત બુદ્ધિસાગરજીનું નાજુક દિલ પણ ઘવાયું. શ્રીસંઘના કહેવાથી તેમણે પ્રથમ વખત હાથમાં કલમ લઈ એનો વળતો જવાબ તૈયાર કરતું પુસ્તક લખ્યું જેનું નામ - જૈન ખ્રિસ્તી સંવાદ રાખવામાં આવ્યું. શ્રી મોહનલાલજી મહારાજ સાહેબે એ જોઈ તપાસી છપાવ્યું. ત્રણ ખ્રિસ્તી મિશનરીઓએ ચર્ચા માટે પૂજ્યશ્રી ને આમંત્રણ મોકલાવ્યું, જેનો સ્વીકાર તેમણે કર્યો અને તે સર્વને પોતાની બુદ્ધિ ચાતુર્યથી નિરૂત્તર કર્યા.

સુરતના ચાતુર્માસ દરમ્યાન શ્રી સિદ્ધિવિજયજી મહારાજ સાહેબની પંન્યાસ પદવીના સમારંભમાં પધારેલા મહાનુભાવોએ જૈન સમાજના ઉત્કર્ષ માટે સારા સદ્‌કર્મો કરવાનો ઉપદેશ આપ્યો. આ પ્રસંગે તેમણે આત્મજ્ઞાની ઉપકારી શ્રી રત્નસાગરજી મહારાજનું જીવનચરિત્ર વાંચ્યું. શ્રીમદ્‌ની પ્રેરણાથી શેઠ નેમચંદ મેળાપચંદ, ખેમચંદ મેળજીચંદ, શેઠ નગીનદાસ ઝવેરચંદ, ઝવેરી નગીનદાસ કપુરચંદ વગેરે દાનવીરોએ ઉદારતાથી ફાળો આપીને સુરતમાં સૂરિ રત્નસાગરજી જૈન બોર્ડિંગ શાળાની સ્થાપના કરી.

સુરતના પ્રથમ ચાતુર્માસ દરમ્યાન જ તેમની આગવી પ્રતિભા અને બુદ્ધિના લોકોને દર્શન થવા લાગ્યા. લોકો તેમની સાથે પ્રશ્નોત્તરી વાદ-વિવાદ વગેરે કરતાં અને ગુરુદેવ દરેકના સંતોષકારક ઉત્તર આપતા. તેમણે જાહેરમાં ભાષણ કરવાની શરૂઆત સુરત શહેરથી કરી. પ્રાચીન મંદીરોની જાળવણી માટે લોકોને ઉપદેશ આપીને જીર્ણોદ્ધારનું કાયમી ફંડ ઊભું રાખ્યું. આમ દીક્ષા લીધા પછી તરતજ તેમણે ધર્મપ્રચાર અને ધર્મરક્ષણના કાર્યની શરૂવાત કરી.

તેઓ જૈન સાધુના આચર - ક્રિયાઓ સર્વ ભાવપૂર્વક પાળતા હતા. ગમે તેવી ઠંડીમાં એક જ કપડુ અને કામળી ઓઢીને ફરતા. દિવસમાં એકજ વાર ગોચરી વહોરી લાવી એકજ વેળાએ સર્વ એક પાત્રમાં એકત્ર કરીને આરોગતા. પ્રતિક્રમણ ખડાખડા કરતાં હતાં. સવારે ચાર વાગે નિયમિત ઉઠીને આખો દિવસ કંઈ ને કંઈ પ્રવૃત્તિમાં ઓતપ્રોત રહીને રાત્રે અગિયાર વાગે નિદ્રાધીન થતા. અષ્ટાંગ યોગ - યમ, નિયમ, આસન, પ્રાણાયમ ધારણા, ધ્યાન અને સમાધિની સાધના કરી યોગનિષ્ઠ બન્યા.

**પરિભ્રમણ**

તેમણે દ્વિતીય ચાતુર્માસ વડોદરા નજીક આવેલા નાના ગામ પાદરામાં કર્યું. ગુરુદેવની પ્યાર-ભાવ આપવાની અદ્‌ભુત શૈલીથી ગામના શિક્ષિત યુવાવર્ગ ખૂબ આકર્ષાયો, તે સર્વ રોજ સત્સંગ કરવા આવતા. અહીં તેમનો પરિચય વકીલ મોહનલાલ હેમચંદ, શ્રી મણિલાલ પાદરાકર વગેરે સાથે થયો. ત્યાંથી તેઓ માણસા મહેસાણા વગેરે સ્થળોએ ચાતુર્માસ કરતાં પેથાપુર

થઈને વિજાપુર આવતાં રસ્તામાં પ્રસિદ્ધ સ્થળ બોરિયા મહાદેવના મંદીરમાં આવ્યા. અહીંના યોગી સદાશીવ સરસ્વતી યોગવિદ્યાના મોટા સાધક હતા. ગુરુદેવનો તેમણે ખૂબ આદર સત્કાર કર્યો અને પૂજ્યશ્રીએ તેમની સાથે પ્રાણાયામ, ધ્યાન, હઠયોગ, હીપ્નોટીઝમ, મેસ્મેરીઝમ વગેરે સાધના કરી.

વિ. સં. ૧૯૬૧નું ચાતુર્માસ તેમણે વિજાપુરમાં કર્યું. ગ્રંથલેખન, વ્યાખ્યાન વગેરે પ્રવૃત્તિની સાથે તેઓ આત્મનિરીક્ષણ અને અધ્યાત્મિક પ્રગતિને પંથે આગળ વધતાં હતા. તેઓ રોજનીશી પણ રોજ લખતાં હતા. વિજાપુરથી તેઓ વાડિલાલ હરિચંદ પાંડેચીઆ અને તેમની બહેન પાલીબેન સાથે કેસરિયાજી છરી પાળતા સંઘમાં ગુરૂ સુખસાગરજી સાથે જોડાયા. હિંદૂ અને ભીલ કોમના પણ આસ્થા સ્થાન આદિનાથ કેસરિયાજીના દર્શન કરીને તેઓ ઈડર થઈ અમદાવાદ ચતુર્માસ માટે આવ્યા.

વિ. સં. ૧૯૬૨ અમદાવાદમાં તેઓ ધર્મપ્રવૃત્તિ સાથે રાષ્ટ્ર ઉત્થાનની પ્રવૃત્તિ પણ કરતા. ભારતદેશને ઊંચો લાવવા સતત મહેનત કરનાર શ્રેષ્ઠિયો લાલભાઈ, મણીભાઈ, જગતભાઈ, હઠીસિંગ, શેઠાણી - ગંગાબેન વગેરે અહમદાવાદમાં જ વસતાં હતાં. પૂજ્ય શ્રી તેઓને શાસ્ત્રોક્ત માર્ગદર્શન - ઉપદેશ આપતા. પંજાબ કેસરી લાલા લજપતરાયને દેશહિતમાં કાર્યો કરવાનો ઉપદેશ આપ્યો તથા બ્રિટિશ સરકાર જે સમેતશીખર પહાડ પર કતલખાનું ચાલુ કરવાનો વિચાર કરતી હતી તેનો કાંગ્રેસ પક્ષ ખૂબ જોરશોરથી વિરોધ કરે એમ સલાહ આપી.

ગુજરાતી સાહિત્ય જગતની વિરલ વિભૂતિયો ડો. આનંદ શંકર ધ્રુવ, કેશવલાલ ધ્રુવ, મહાકવિ નાનાલાલ વગેરે પણ ગુરુ બુદ્ધિસાગરજી સાથે વિશ્વાસપણે ચર્ચાઓ કરતાં.

એમને મળવા ઘણા વેદાંતિયો, સાધુસન્યાસી, સંત-મહાત્માઓ આવતા હતા. જેમાં મહાત્મા સરજુદાસજી અને સ્વામિનારાયણના બાલમુકુંદજી મુખ્ય હતા.

આર્યસમાજ વિદ્વાનો સાથે મૂર્તિપૂજા સંબંધી પણ ચર્ચાઓ થતી. ગુરૂદેવ પોતાની સચોટ તર્કશક્તિથી દરેક દલીલનો ઉત્તર આપતા. તેઓ દરેક

સંપ્રદાયના લોકો સાથે આત્મીયતા કેળવીને તેમની પાસેથી સારી વસ્તુઓ ગ્રહણ કરતાં.

**અમર શિષ્ય**

એક વાર ગુરૂદેવના સાંભાળવામાં આવ્યું કે કોઈ સાધુએ એકસોને આઠ શિષ્યો બનાવનાની પ્રતિજ્ઞા લીધી છે. આ સાંભળ્યા પછી ગુરૂદેવને પણ પોતાની પરંપરા જાળવી રાખે તેવા અમર વારસદાર બનાવવાની આકાંક્ષા જાગી, જે કદી ભાગી ન જાય, ગુરુનું નામ લજવે નહિ અને હંમેશા સર્વનુ ભલું જ કરે. એ માટે તેઓ એકસોને આઠ ગ્રંથો રચવાનું નક્કિ કરે છે. જેઓ એમના પછી પણ લોકોને ઉપદેશ આપે.

**અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળની સ્થાપના**

ગુરૂદેવે રચેલા ગ્રંથોને છાપવાનું અને ભવિષ્યમાં પણ એ કાર્ય હંમેશા ચાલુજ રહે એ માટે તેમણે માણસા ગામમાં ખૂબ ઠાઠમાઠ પૂર્વક - અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ - ની સ્થાપના કરી. આ પ્રસંગે માણસા ગામના ઠાકોર શ્રી તખ્તસિંહજી રાઓલ તરફથી ઘણો સહકાર અને સહાય મળ્યા.

આ પ્રસંગે ઘણા મહાનુભાવો બહારગામથી પધાર્યા હતા. આ મંડળ માટે ફંડ એકઠું કરીને નિયમો નક્કિ કરવામાં આવ્યા જેથી ગુરૂદેવના રચેલા ગ્રંથો હંમેશા પ્રગટ થતા રહે. આ મંડળ આજે પણ મહુડી સંઘની સાથે રહીને એની સંપૂર્ણ ફરજ બજાવે છે.

માણસા ગામમાં તેમનો ઉપદેશ સાંભળવા સર્વ કોમનાં લોકો આવતા. ગાયક, ભજનિક કે ભરથરી પણ ગુરૂદેવ પાસે આવીને ભજનો ગાતાં.

શ્રીમદ્‌ના વડોદરા પરિભ્રમણ વખતે તેઓને સયાજીરાવ ગાયવાડનું આમંત્રણ મળતાં પૂજ્યશ્રીએ તેમના મહેલમાં જઈને મોટા પંડિતો આગેવાનો અને શાસ્ત્રીઓની હાજરીમાં - આત્માની ઉન્નતિ - એ વિષય પર બે કલાક પ્રવચન કર્યું.

## શ્રીમદ્‌જીનું વડોદરામાં પરિભ્રમણ

વડોદરાથી તેઓ બોરસદ આવ્યા. અહીં પણ તેમણે ઘણા જાહરે પ્રવચનો કર્યા. અહીંયા તેમનો મેળાપ સ્થાનકવાસી સાધુ અમીરખજી વગેરે સાથે થયો. તેમની સાથે જૈન ધર્મનો ઈતિહાસ મૂર્તિ નિષેધના કારણો, સ્થાનકમાર્ગી ટબાની મીમાંસા વગેરે ઘણા વિષયો પર ચર્ચાઓ થઈ. ઘણા સમય સુધી ખૂબ ચર્ચાઓને અંતે તેમણે પૂજ્ય બુદ્ધિસાગરજીને પોતાના ગુરૂ માન્યા અને અમદાવાદમાં અમીરખજીમાંથી અજીતસાગરજી બન્યા, તેમની સાથેના બીજા ચાર સાધુઓએ પણ એમને ગુરૂ તરીકે સ્વીકાર્યા.

એ પછી શ્રીમદ્‌જીનું ચોમાસુ સર્વસાધુઓ સાથે પ્રેમભાવ વધારતું અમદાવાદ થયું.

## ગુરૂદેવનું મુંબઈ ચાતુર્માસ

મુંબઈ ચાતુર્માસ માટે પ્રયાણ કરતી વખતે રસ્તામાં તેઓ વલસાડ, પારડી, વાપી, દમણ, અગાશી થઈને ભાયખલાથી મુંબઈમાં પ્રવેશ કર્યો. દરેક ગામમાં શ્રીમદ્‌ની અખંડ સ્મૃતિ માટે પાઠશાળા, જ્ઞાનભંડાર વગેરેની સ્થાપના થઈ. વલસાડમાં તેમના ભક્તશ્રી જીવણચંદ ધરમચંદ્ર પાલિતણા ગયા હતા તેમને ઉદેશીને તેમણે પત્રો લખ્યા જે - તીર્થયાત્રાનું વિમાન - પુસ્તકમાં સંકલિત કરવામાં આવ્યા. અગાશીમાં પૂજ્યશ્રી મુનિસુવ્રત સ્વામીના મંદીરની પ્રતિષ્ઠામાં સહભાગી થયા.

ગુરૂદેવે તા. ૧૩/૨/૧૯૧૧ના શુભ દિને ભાયખલાથી મુંબઈમાં મંગલ પ્રવેશ કર્યો. તે સમયના જૈન શ્રેષ્ઠીઓએ તેમનું અદ્‌ભૂત સ્વાગત કર્યું. વરઘોડામાં પચ્ચીસ સાંબેલાઓ શણગારેલી બગીઓમાં હતા. એ દરેક સાંબેલાની આગળ અલગથી હજારો ભક્તો તેમને ખરા દિલથી આવકારતા ઉભા હતા. ઝવેરી બજારમાં શેઠ જીવણચંદ લલ્લુભાઈ, શેઠ તલકચંદ માણેકચંદ વગેરે શ્રાવક ભક્તોએ મોતીના તોરણો બાંધીને પોતાનો ઉત્સાહ દર્શાવ્યો. તેઓ ભુલેશ્વરમાં આવેલ લાલબાગ ધર્મશાળામાં ચાતુર્માસ રહ્યા. અહીંયા તેમની

વાંચન અને લેખન પ્રવૃત્તિ ઘણી સારી થઈ. મુંબઈના ચાતુર્માસ દરમ્યાન તેમણે શ્રી ગોવર્ધન રામ માધવરામ ત્રિપાઠીનું જીવનચરિત્ર વાચ્યું. આ ગ્રંથની તેમના પર ઘણી ઉંડી અસર પડી.

## મુંબઈમાં થયેલી શુભપ્રવૃત્તિયો

મુંબઈમાં પર્યુષણ પર્વમાં પ્રતિક્રમણની ક્રિયા કરવા ઘણા શ્રાવકો આવતા હતા. આ સમયે કેટલાક વિઘ્નસંતોષીઓ અંધારાનો લાભ લઈને કાંકરા ફેંકીને શુભક્રિયામાં વિઘ્નો ઉભા કરતાં હતા. શ્રીમદ્ બુદ્ધિસાગરજી એ ખૂબ વિચારણા કરીને સાંવત્સરિક પ્રતિક્રમણ સાંજે સાડાત્રણથી ચાર વાગે ના સમયે ભણાવવાનું શુરૂ કર્યું જેથી દિવસના અજવાળામાં જ એ પૂર્ણ થઈ જાય અને કોઈ નાસ્તિક ધર્મપ્રેમીઓને હેરાન કરી શકે નહિ. એમની આગવી સૂઝબૂઝને લીધે પ્રતિક્રમણની ક્રિયા નિર્વિઘ્ને થવા લાગી.

ગુરૂદેવે ગોરક્ષાના કાયદા માટે સરકારને વિનંતી કરતા આવેદન પત્ર ઘડવામાં અગત્યનો ફાળો આપ્યો. જેમાં શહેરના અગ્રણી નાગરિકો, વૈષ્ણવાચાર્ય શ્રી દેવકીનંદન, શ્યામસુદરાચાર્ય વગેરે સાથે મળીને આ કાર્ય કર્યું.

ચિંચપોકલીમાં જૈન બોર્ડિંગની મુલાકાત લઈને વિદ્યાર્થીઓને ધાર્મિક જ્ઞાનની જરૂરિયાત સમજાવી.

સ્થાનકવાસી સાધુ નાગજી સ્વામી સાથે ધર્મચર્ચા કરી. શ્વેતાંબર કોન્ફરન્સના પ્રણેતા ગુલાબચંદજી ઢઢ્ઢા સાથે ચર્ચા કરીને દીગંબર સંપ્રદાયની જેમ મતભેદ વિનાના નાના શહેરમાં સભા ભરવાથી સારૂં પરિણામ આવે એવો મત દર્શાવ્યો. મુંબઈના ચાતુર્માસ પૂર્ણ થયે તેઓ શાંતાક્રુજ થઈને બોરિવલી ગયા. અહિંયા તેઓ શેઠ લલ્લુભાઈ ધરમચંદ તથા તુકારામ હનુમંતરામ મરાઠા સાથે બૌદ્ધકાલીન કેન્હેરીની ગુફા જોવા ગયા જે એમને ખૂબ પસંદ પડી.

તેઓ તેમની ડાયરીમાં નોંધ છે કે વસઈ ગામમાં પહેલાં જૈનોનાં ચાળીસ ઘરો હતા.

તેઓ પાલઘર થામગામ બોરડી થઈ વલસાડ આવ્યા. તેઓ ગામેગામ ખેડુતો, માાછિમારો વગેરેને તેમના કર્તવ્ય પ્રમાણે ઉપદેશ આપતા હતા. આગમ સ્વાધ્યાયની સાથે સાથે પૂજ્યશ્રીએ ત્યાં સુધીમાં ભગવદ્ ગીતાના અઢારે અધ્યાયોનું આઠમી વાર વાંચન કરી લીધું હતુ.

સુરત વગેરે ગામોમાં વિહાર કરતાં તેઓ સાયણ ગામમાં આવ્યાં. ત્યાં એક સ્થાનકવાસી સાધુ ઘણા બિમાર હતા. તેથી તેમણે ઉપાશ્રયમાં લઈજઈને સેવા ચાકરી કરીને સારા કર્યા.

## સર્વધર્મ સદ્ભાવ

તેઓ કોઈ જાત પાત કે ધર્મના સંકુચિત વાડામાં માનતા નહિ, તેમને મન ધર્મ એટલે પ્રભુભક્તિ, સત્યવચન અને શુદ્ધ આચરણ કરવું. શુક્લતીર્થમાં તેમણે ઓમકારનાથ મહાદેવનાં મંદિરની મુલાકાત લીધી તથા ત્યાંના બ્રાહ્મણોને ઉપદેશ આપ્યો.

તે સમયે વડોદરામાં ગુજરાતી સાહિત્ય સંમેલન પરિષદ યોજવાનું હતું તે માટે તેમણે ઉપાધ્યાય શ્રી યશોવિજયનું જીવન એ વિષય પર એક નિબંધ લખીને આપ્યો જે શ્રી ત્રિભોવનભાઈ દલપતભાઈ એ વાંચી સંભળાવ્યો.

ગુરુદેવે વડતાલમાં સ્વામીનારાયણના મહાનધામ ની પણ મુલાકાત લીધા.

તેમણે દિક્ષાના બાર વર્ષમાં મોટા ભાગના આગમસૂત્રોનું વાંચન કરી લીધુ હતું. શ્રીમદ્જી ગુરૂ શ્રી સુખસાગરજીની માંદગીના સમાચાર સાંભળીને તેમની પાસે રહ્યા. તેમની પાસેથી જીવનના આવી પડતાં વિઘ્નો દૂર કરીને આત્મહિત સાધવાનો ઉપદેશ ગ્રહણ કર્યો. ગુરૂ સુખસાગરજીએ પોતાની નવકારવાળી તેમને આપી. શિષ્ય બુદ્ધિસાગરજીએ તેમના નિમિત્તે એક લાખ નવકારના જાપનો અને એક ગ્રંથ રચવાનો મનમાં સકલ્પ કર્યો. એ સાથે જ

ગુરૂ સુખસાગરજીએ દેહ છોડ્યો.

## આચાર્ય પદવી અને શાસ્ત્ર વિશારદની માનદ્ પદવી

વિ. સં. ૧૯૭૦ માગસર સુદ પૂનમ શનિવાર તા. ૧૩/૧૨/૧૯૧૩ના દિને ચતુર્વિધ સંઘ સમક્ષ અનેક ગામ-શહેરના શ્રાવક-શ્રાવિકાની હાજરીમાં પૂજ્યશ્રીએ આચાર્ય પદવી પેથાપુરમાં ગ્રહણ કરી.

એમની બુદ્ધિ અને જ્ઞાન પ્રભા દૂર સુધી પ્રસરતી જતી હતી. કાશીના પંડિતોએ તેમના જ્ઞાન સૌરભથી આકર્ષઇ ને ગુરૂદેવને - શાસ્ત્ર વિશારદ - ની માનદ્ પદવી બહુમાન પૂર્વક અર્પણ કરી.

સવંત ૧૯૭૯ નું ચાતુર્માસ વિજાપુરમાં કર્યું. તેમણે પોતાની દેખરેખથી ત્યાં જ્ઞાનમંદીરનું કાર્ય પૂર્ણ કરાવ્યું. ગામમાં વસતાં હરિજનો માટે શાળા શુરૂ કરાવી જેથી તેઓને અનાર્ય ધર્મ અંગીકાર કરતાં બચાવી શકાય. કર્મ ઉદયે તેમની તબિયત થોડી નાદુરુસ્ત રહેવા લાગી. તેમને મધુમેહ અને અશક્તિ જણાવા લાગી હતી. છતાં પણ તેઓ તેમના કાર્ય એક પછી એક પૂર્ણ કરતાં જતાં હતાં. તેમણે તેમનાં ગ્રંથલેખનનું કાર્ય ઝડપથી કરવા માંડ્યુ.

## ઘંટાકર્ણ વીરની સ્થાપના

ગુરૂજીએ ચારેતરફ અંધશ્રદ્ધા વહેમ અને અજ્ઞાનતામાં પ્રજાને ડૂબેલી જોઈ. ભૂત, પ્રેત ભુવાઓના ઢોંગ-ધતીંગ ખૂબ જોર પકડતા જતા હતા. પીરની મજારે જઈ લોકો ધર્મ ભ્રષ્ટ થઈને આવતા હતા. આવી નિરાધાર પરિસ્થિતિમાંથી લોકીને ઉગારવા માટે, મદદ કરવા માટે મડૂડી ગામમાં શ્રી પદ્મ પ્રભુજીના મંદીરનાં પ્રાંગણમાં શ્રી અરિહંત પરમાત્માના અનન્ય ઉપાસક સમ્યકદૃષ્ટિ શાસન રક્ષક પરમવીર ઘંટાકર્ણ મહાવીર દેવની પ્રભાવિત મૂર્તિની સ્થાપના કરી. તેમના દર્શન માત્રથી, તેમને સુખડી ધરાવવાથી લોકોને શાંતિનો અનુભવ થવા લાગ્યો. આને લીધે ધર્મથી વિમુખ થતી પ્રજા ધર્મમાં શ્રદ્ધા રાખવા લાગી.

## મહાપ્રયાણ

ઉદયની પાછળ અસ્ત હોય જ છે. મુસાફરી હવે પુરી થવા આવી એવું તેમને જણાંતા એક સાથે સત્તાવીશ ગ્રંથો પ્રેસમાં છપાવવા આપ્યા. - કક્કાવલી સુબોધ નામના ગ્રંથનું અધુરૂં લખાણ છેલ્લા ત્રણ દિવસ પહેલાં પૂરૂ કર્યુ. સર્વ ભક્તોને તેમનો સમય નિકટ આવી ગયો છે એમ જણાવી દીધું.

મહુડીમાં તેમને મળવા શ્રી સિદ્ધિમુની પધાર્યા હતા, તેમણે પુછ્યું કે તમે સંસારમાં વહુ સમય રહો તો શું કરો.

ગુરૂદેવે જવાબમાં કહ્યું - મહુડી પ્રદેશમાં એક ગુરૂકુળની સ્થાપના માટે પ્રયત્ન કરૂ જેથી ભવિષ્યમાં સમર્થ જૈનો તૈયાર થાય અને શાસનની સારી સેવા બજાવી શકે. તેઓ આખર પર્યંત લોકને સદુપદેશ આપતા હતા.

કાલધર્મની પ્રભાતે ગુરૂદેવે અજીતસાગરજી વગેરે શિષ્ય પરિવાર સાથે મહુડીથી બિજાપુર તરફ પ્રયાસ કર્યુ.

વિજાપુરમાં વિદ્યાશાળાના ઉપાશ્રયમાં પદ્માસનમાં તેઓ બિરાજેલા હતા. આંખો મીંચીને તેઓ સમાધીમાં સ્થિર થયા. તેઓએ મહેન્દ્ર સાગરજીને પાસે બોલાવી -

ભાઈ શાંતિ: શાંતિ: શાંતિ: - આવા અંતિમ શબ્દ કહ્યા.

અઢારે વર્ણના લોકો તેમના દર્શનાર્થે પધાર્યા. સવારે સાડા આઠ વાગે શાંત મુખ મુદ્રા સાથે ગુરૂદેવે આંખ મીંચી લીધી. તેમનો આત્મા આ નશ્વર દેહ મુકીને અનંતની યાત્રાએ ચાલી નિકળ્યો.

## અંતિમદર્શન

ગામેગામથી હજારો લોકો ગુરૂદેવનીં અંતિમ દર્શને આવવા લાગ્યા. બે દિવસ સુધી આખા વિજાપુર ગામે શોક પાળ્યો. જૈન શાસનને વિચક્ષણ બુદ્ધિના સાગરની ખોટ પડી. અસાધારણ માનવ મેદની હતી. મુસ્લિમ

ભાઈઓની પણ ઘણી હાજરી હતી. ગુરૂજીની પાલખી બધે ફરતી ગઈ. આખરે શ્રીમદજી નો પાર્થિવ દેહ પંચમહાભૂતમાં વિલિન થયો. શેઠ મગનલાલ કંકુચંદની વાડીમાં તેમના પાર્થિવ દેહ ને અગ્નિદાહ દેવામાં આવ્યો.

## ગુરૂદેવની અંજલિ

ગામેગામથી દરેક નાના મોટા માનવીઓ, સંઘો, મહાજનોના ગુરુદેવને અંજલિ અર્પતા શોક સંદેશાઓ આવ્યા.

કવિ નાનાલાલજી એ લખ્યું કે - આનંદઘનજી પછી આવા અવધૂત જૈનોમાં થોડા જ થયા હશે. એક ભજન છે જેમાં શ્રી બુદ્ધિસાગરજીની જ જાણે આત્મપ્રતિમા ઉતારી હોય એવું છે માટે મોકલું છું.

*મળે જો જતિ સતી રે કઈ સાહેબ ને દરબાર*
*ધીંગાધોરી ભારખમાં*
*સદ્ધર્મ તણા શણગાર*
*પુણ્ય પાપના પરખંદા*
*કાંઈ બ્રહ્મ*
*આંખલડી અનભોમાં રમતી*
*ઉછળે ઉરનાં પુર*
*સત્‌ચિત્‌ આનંદે ખેલંદા*
*ધર્મ ધુરંધર શૂર*
*મળે નો જતિ સતીરે.*
*કોઈ આહલેકના દરબાર*

## સમાજ સુધારક

યોગનિષ્ઠ આચાર્ય શાસ્ત્રવિશારદ શ્રીમદ્‌ બુદ્ધિસાગરજીનો દીક્ષા પર્યાય ફક્ત પચ્ચીસ વર્ષનો હતો. એમાં તેઓએ ઘણા કાર્યો કર્યા. અનેક જગ્યાએ હાઈસ્કુલ, પાઠશાળા, લાયબ્રેરી, હરિજનો માટે શાળા, ગુરૂકુળો વગેરેની સ્થાપના કરાવી. પાલીતાનાના યશોવિજયજી ગુરુકુલનો પુનરોદ્ધાર કરાવ્યો તેમજ અમદાવાદની શેઠ લલ્લુરાયજી બોર્ડિંગ માટે પણ મુખ્ય પ્રેરણા કરી.

લોકોને ઉપદેશ આપીને કન્યા વિક્રય બંદ કરાવ્યું. તેમની કન્યાવિક્રય નિષેધ પુસ્તક વાંચીને દરેક ગામમાં એવો ઠરાવ કરવામાં આવ્યો છે કે જે વ્યક્તિએ પોતાની કન્યા આપીને પૈસા લીધા છે એવી ખબર પડશે તો એને ન્યાત બહાર મુકવામાં આવશે. લોકો દારૂ વગેરે છોડીને શાંતિ કલેશ વગર રહેવા લાગ્યા.

**આશ્ચર્યકારક પ્રસંગો**

સંવત ૧૯૭૮ ની સાલમાં મહુડીમાં વોરા માનચંદ મુળચંદના સુપુત્રો કલિદાસ, મગનલાલ, વર્ધમાન, ઈશ્વરલાલ તથા વાડીલાલ વોરા. ગુરૂજી આ સૌના પરિચયમાં હતા. તેઓએ સાધર્મિક ભક્તિ કરવા અને લક્ષ્મીનો સદ્વ્ય કરવા પોતાનાં ઘર આગળ કંપાઉન્ડમાં ઉજમણું કરવાની ઈચ્છા દર્શાવી. મહારાજ શ્રી સાધુ ભગવંતો સાથે આવ્યા આજુબાજુના ગામમાંથી પણ બધાને આમંત્રણ આપ્યા. આ પ્રસંગે ગામમાં બધાન ઘરે મહેમાનોને સુવા બેસવાની સગવડ કરવામાં આવી. લોકોને ઘસારો જોઈને એમ લાગ્યું કે બનાવેલા પકવાન તો ફકત બે દિવસ ચાલે તેટલા જ છે ગુરૂજી એ હસતા મોંઢે કહ્યુ કે તમારે જરાપણ ચિંતા કરવાની નહિ તમારો ભક્તિભાવ ઓછો કરતા નહિ. ગુરૂદેવ ભંડારમાં ગયા. ત્યાં ઘીનો અખંડ દીવો કરાવી દરેક થાળી ઉપર કપડું ઢકાવ્યું અને પોતાનો ઓઘો ફેરવીને લબ્ધી મૂકી દીધી તેમણે કહ્યું કે જોઈએ તેમ બાજુમાંથી કાઢતા કહેવું. ત્રીજે દિવસે એક બાળક (ભાઈશ્રી રતીલાલ વાડીલાલ વોરા) રમતાં રમતાં ત્યાં ગયા તેમણે બારણું ખોલ્યું તો દરેક પકવાનના થાળ પર શ્રી ઘંટાકરણ મહાવીર દેવની આકૃતિ હાથમાં ધનુષ બાણ લઈને ઉભેલી દેખાઈ. આ જોઈને તેમણે દોડતા આવીને વડીલોને વાત કરી કે ત્યાં ઠેર ઠેર ઘંટાકરણ વીર હાથમાં બાણ લઈ ઉભા છે. બધા દોડતા આવ્યા તો તેઓને કંઈ દેખાયું નહિ, પરંતુ ઘીનો દીવો બુઝાઈ જતો હતો, એ સરખો કર્યો. દશથી બાર હજાર માણસ ચાર દિવસ બંને સમય પકવાન સાથેની રસોઈ જમ્યા પછી પણ મિઠાઈના થાળ અડધા ભરેલા હતા. પછી ગામની અઢારે વર્ણને એ પ્રસાદ આપવામાં આવ્યો. જયજયકાર થયો. દરેકને યાદગીરી માટે થાળીની લહાણી કરી.

શ્રીમદ્‌ની હાજરીમાં ઘણી વખત દેવતાઈ નાગ સર્પોઓ દર્શન આપ્યા છે.

લોદ્રા ગામમાં એક શ્રાવકને જિન્ન વળગેલો હતો તે કાઢ્યો. તેમણે પોતાનો ઓઘો પકડી ઊનની આંટીનો એક બેવડો દોરો પકડી હાથેથી આંબળવા લાગ્યા. જેમ જેમ દોરો આંબળતા ગયા તેમ તેમ પેલો જિન્ન પછડાવો લાગ્યો કે તમારી માફી માંગું છું મને જવા દો. ગુરુજીએ કહયું તને જવાની રજા છે - ૐ શાંતિ. પેલો શ્રાવક સારો થઈ ગયો.

એક વખત વાત ફેલાણી કે બોરિયા મહાદેવમાં કોઈ પ્રચંડ શક્તિશાળી બાઈ આવેલી છે ઘણા ચમત્કાર કરે છે. ચાલે ત્યાં કુંકુના પગલા પડે છે. મહારાજજી ત્યાં ગયા બધાને કહ્યું કે આવા ધતિંગથી ગભરાતા નહિ. બાઈને કહ્યું કે બતાવ, તારા ચમત્કાર મારે જોવા છે. ત્યારે તે ઓરડામાંથી બહાર ન આવી. શરમાઈ ગઈ. તેમણે કહ્યું કે તારા ધતિંગ છોડી દે તને હમણાં જ દેવીના દર્શન કરાવું અને સાક્ષાતા અંબાજી વાઘની સવારી પર આવ્યા. તેણે દર્શન કર્યા અને અંબાજી અદ્રશ્ય થઈ ગયા.

**શ્રીમદનું સહિત્ય સર્જન**

શ્રીમદ્જીનું સાહિત્ય જન સાધારણ માટે ઉપદેશ આપવાની દૃષ્ટિએ રચાયેલું છે. સાધુ જીવનની સર્વ દૈનિક ક્રિયા કરવાની સાથે લાઈટ કે પંખા વાપર્યા વગર એકસો ને દશ અમૂલ્ય ગ્રંથો તેમણે લખ્યા. એમાં બાવીસ ગ્રંથો સંસ્કૃત ભાષામાં રચેલા છે. તેમાનાં ઘણા સંસ્કૃત અને ગુજરતી બંને ભાષામાં અને એક પુસ્તક કુમારપાળ તેમણે હિન્દીમાં રચેલુ છે.

તેમણે ગદ્ય લેખક તરીકે ઈતિહાસ, તત્વજ્ઞાન, વિવેચન, જીવનચરિત્ર, પત્રો, નિબંધ, અધ્યાત્મજ્ઞાન, સંવાદ વગેરે ઘણા વિષયને આવરી લીધા છે.

પદ્ય સાહિત્યમાં તમણે બાર ભજન સંગ્રહો લખ્યા છે, એમાં ચોવીસ વિહરમાન વીસી, ભવિષ્યવાણી તથા અઢળક વિષયો પર ભજનો અને કાવ્યો રચ્યા છે. ભજનો ઉપરાંત ગહુંલીઓ, વાસ્તુ પૂજા, રાષ્ટ્રગીતો, અવળીવાણી સૃષ્ટિ સૌંદર્યના કવ્યો, બારાખડીના એક એક અક્ષર પર કવિતા રચીને

પોતાનું કૌશલ્ય બતાવ્યું છે.

શ્રીમદ્જીએ પોતાના ભક્તોને ઉદ્દેશીને જે પત્રો લખ્યા એ તેમની ઉપદેશ આપવાની આગવી શૈલી જ છે. જે પત્ર સદુપદેશ અને તીર્થ યાત્રાનું વિજ્ઞાનનમાં સંગ્રહિત કરવામાં આવ્યા છે. તેમણે રચેલા ઘણા ગ્રંથો સુશ્રાવકોને અર્પણ કરેલા છે. એમાં તેમના તરફથી કરાએલા સત્કર્મો દર્શાવીને તેઓ આથી વધારે પણ સત્કાર્યો કરતાંજ રહે એમ પ્રાર્થી ને અર્પણ કર્યું છે. જેના લીધે જૈન શાસનની ઘણી ઉન્નતિ થઈ.

## ગુરૂદેવનાં કેટલાક અગત્યના ગ્રંથો

### કર્મયોગ

ગુરુદેવ પોતે આજીવન કર્મયોગનાં સાધક હતા, કર્મયોગ ગ્રંથમાં તેમણે ૨૭૨ શ્લોકો નવા સંસ્કૃતમાં રચીને તેના પર ગુજરાતી ભાષામાં વિવેચન કર્યું. કર્મયોગ એટલે તન મન અને વચન થી શુભ કાર્ય કરવું. આજના સંદર્ભમાં માનવીએ કેવી રીતે કાર્ય કરવું તે સરળ શૈલીમાં ભારતના તથા પાશ્ચત્ય દેશના મહાપુરુષોના દ્રષ્ટાંતો આપીને સમજાવ્યું છે. શ્રીમદ્જી સંસારમાં અનુભવી જનો પાસે વ્યવહારિક જ્ઞાન પ્રાપ્ત કરી આત્મજ્ઞાની કર્મયોગી થવાનો ઉપદેશ આપે છે. તેઓ વર્ણવે છે કે સંત, સાધુ, ગુરૂ અને માતા-પિતા આપણા પર અગણિત ઉપકાર કરે છે માટે તેઓની સેવા અને રક્ષા માટે હંમેશા તત્પર રહેવું. કર્મયોગમાં તેઓ જન્મભૂમિ ભારત માટે આલેખે છે કે - આર્યવર્તની એક ચપટી ધુળમાં જે સાત્વિક અણુંકણુઓ વિલસી રહ્યાં છે તે અન્ય ભૂમિમાં નથી જ.

મહેનત ખંત અને ઉત્સાહ વડે જ સર્વ કાર્ય સિદ્ધિ થાય છે. એમ આ ગ્રંથમાં તેઓ દર્શાવે છે.

વિવશાળાનાં ગુપ્ત જ્ઞાનનાં બારણાં ઠોકો, તે ગમે તેવા વજ્ર જેવા હશે તો પણ ધૈર્ય વાત ઉત્સાહ અને બુદ્ધિથી તુર્ત ખુલી જશે. ત્રિભુવન નું સામ્રાજ્ય તમે આત્મિક પ્રવૃત્તિથી, મજબૂત મનોબળથી એને સતત મહેનતથી મેળવી શકશો.

આ ગ્રંથમાં તેઓ કોઈપણ કાર્ય પ્રારંભ કરતાં પહેલા મન વચન અને કાયાથી સ્થિર પણે એ વ્યવસ્થિત સ્વચ્છ રીતે થશે કે નહિ તેનો વિચાર કરવા કહે છે. તેઓ વિદેશીઓની વ્યવસ્થા શક્તિ, સ્વચ્છતા અને કાર્યપ્રણાલીનો ગુણ જોવા કહે છે.

### યોગ દિપક

આ ગ્રંથમાં યોગની આરાધનાથી કલ્પવૃક્ષની જેમ ઇચ્છિત વસ્તુની પ્રાપ્ત થાય છે. એમ તેઓ વર્ણવે છે. યોગ વિદ્યાવડે મનુષ્ય અનેક પ્રકારની લબ્ધિઓનો સ્વામિ બને છે.

આચાર્યશ્રી આ ગ્રંથમાં રાગદ્વેષની ચર્ચા દૃષ્ટાંત આપીને કરે છે. જેમ સ્ત્રી, પુત્ર વગેરે મનની સાનુકુળતાને લીધે રાગનું કારણ બને છે તે જ સ્ત્રી, પુત્ર કહેવા પ્રમાણે ન ચાલે તો દ્વેષ નું કારણ બને છે. પરંતુ વિવેકી આત્મા બાહ્ય પદાર્થોમાં લેપાયા વગર નવા કર્મ બંધન કરતો નથી તથા સમતા રાખી ને પાપી વ્યક્તિ પણ મોક્ષગામી બને છે એમ તેઓ નિર્દેશે છે.

આ ગ્રંથમાં તેઓ યોગના આઠ પ્રકારો, સ્વરોદયનું, જ્ઞાન અપૂર્વ મંત્ર ૐ ના જાપ વિશે તથા ઈડા, પિંગલા સુષુમ્ણા નાડી વિશે સવિસ્તાર સમજાવ્યું છે.

### શ્રી પરમાત્મા જ્યોતિ

શ્રી યશોવિજયજી દ્વારા રચાયેલા પચ્ચીસ સંસ્કૃત શ્લોકનું સુંદર વિવેચન શ્રીમદે કર્યુ છે. આ ગ્રંથ વાંચીને મનુષ્ય પોતાના આત્માને ઉચ્ચકોટિનો બનાવવા પ્રયત્ન કરે એ આશય થી આ ગ્રંથ રચના શ્રીમદે કરીછે. આ ગ્રંથમાં તેઓ આત્મા-પરમાત્માનું સ્વરૂપ દર્શાવતા કહેછે કે જે રીતે બીજમાંથી વૃક્ષ પેદા થાય છે તે જ રીતે આત્મામાં અનંત શક્તિઓ સૂક્ષ્મ રીતે સંગ્રહિત થયેલી હોય છે. જીવ કર્મનો ક્ષય કરીને મનને જીતીને પરમાત્માપદ પ્રાપ્ત કરી શકે છે.

### અધ્યાત્મ શાંતિ

આ ગ્રંથ મનુષ્ય પોતે આત્મા, પરમાત્મા, કર્મ, જ્ઞાન વગેરેનું સ્વરુપ ને સાચી શાંતિ પામી શકે એ ઉદ્દેશ્યથી લખ્યો છે. ભૌતિક સંપત્તિનો સ્વામિ આજના માનવી ને સુખચેન નથી. આત્મસ્વરુપ જાણવાથી મનમાં ઉત્પન્ન થતી સંકલ્પ-વિકલ્પની શ્રેણી નાશ પામેછે અને મનની નિર્વિકલ્પ દશા પ્રાપ્ત થાય છે. જેથી મનુષ્યને દુખનો અનુભવ થતો નથી. આત્માનું સ્વરુપ જાણીને જ તેને સમ્યક્ત્વની પ્રાપ્તિ  થાય છે.

ગુરૂદેવ આ ગ્રંથ આત્મા અને કર્મનો સંબંધ અનાદિકળ થીછે એમ દર્શાવીને કર્મની આઠ પ્રકારોને વિગતવાર સમજાવે છે. મનુષ્ય ક્યાં કઈ રીતે કર્મબંધ કરે છે તથા એનાથી દૂર રહેવાના ઉપાયો પણ તેમણે દર્શાવ્યા છે. તેઓ લોકોને ઉપદેશ આપે છે કે દેવ, ગુરૂ, ધર્મ, પ્રત્યે શ્રદ્ધા રાખીને સાધર્મિક ભક્તિ કરવી, પોતાની ઉપજનો છઠ્ઠો ભાગ ધર્મકર્યમાં ખર્ચ કરવો.

### પરમાત્મ દર્શન

પ્રસ્તુત ગ્રંથમાં મનુષ્ય જન્મ, જરા, મૃત્યુના કષ્ટમાંથી છુટી પોતાનું જીવન સુખમય રીતે વિતાવે એવી જ્ઞાનદૃષ્ટિથી આત્માના ગુણો વિકસાવવા માટેના ઉપાયો પ્રદેશી રાજા અને કેશી મુનિના સંવાદો દ્વારા શ્રીમદે દર્શાવ્યા છે.

## ઇતિહાસ

ગુરૂદેવે ઈતિહાસના વિષયને આવરી લેતા પણ પુસ્તકો લખ્યા છે જેમાં બૃહત વિજાપુર વૃતાંત, ઐતિહાસિક રાસમાળા, જૈન ધર્મની  પ્રાચીન અને અર્વાચીન સ્થિતી તથા ગચ્છમત પ્રબંધ મુખ્ય છે.

### બૃહદ વિજાપુર વૃતાંત

આ ગ્રંથમાં ગુરૂદેવે પોતાની માતૃભૂમિ વિજાપુર તથા ભારત દેશ તથા વિશે ઘણી માહિતી આપ છે. ગુજરાતનું નામ પહેલાં બ્રહ્માવર્ત દેશ, આનર્તદેશ,

સૌરાષ્ટ્ર, લાટ, ગુર્જર હતું. વિજાપુર પહેલાં વિજયપુર-વિદ્યાપુર તરીકે ઓળખાતું હતું. વિ. સં. ૧૨૮૦ માં વસ્તુપાલ તેજપાલે વિજાપુરમાં ચિંતામણી દેરાસરનો જીર્ણોધ્ધાર કરાવ્યો હતો. વિ. સં. ૧૨૮૫ માં જગત્ચંદ્રસૂરિએ બિજાપુરમાં ક્રિયોધ્ધાર કર્યો હતો અને પછી તેમને તપાનું બિરૂદ ચિત્તોડમાં મળ્યું હતું. નજીકના ખડાયતા ગામમાંથી અજીતનાથની મૂર્તિ જમીનમાંથી નીકળી તથા આસપાસથી બીજી અઢાર પ્રતિમાઓ નીકલી જેમાં એક ભદ્રબાહુ સ્વામિની છે. ઈતિહાસ પ્રસિદ્ધ માલવમંત્રી પેથડદેવ કે જેઓ બીજાપુરના વતની હતા તેમનું ઘર પદ્માવતી માતાના મંદીર પાસે હતું એ તેમણે તેમના આ ગ્રંથમાં દર્શાવ્યું છે. તે ઉપરાંત અહીંની મસ્જીદો, માતાજીના મંદીરો તથા શિવ-કૃષ્ણ મંદીર વિગેરેની માહિતી પણ તેમણે આપી છે ગુજરાત, બિહાર, તેલંગાળા, કર્ણાવૃક વગેરે રાજ્યમાં થઈ ગયેલા રાજઓની વંશાવળી, અલગ અલગ ગરછની ઉત્પત્તિ, શ્રી મહાવીર સ્વામિની પાટ પરંપરા અને સાધુઓના અલગ સંઘાડા વિશેની સર્વ માહિતી આ ગ્રંથમાં છે.

**જૈન ધર્મની પ્રાચીન અને અર્વાચીન સ્થિતી**

આ પુસ્તક રચવા માટેનો ગુરૂદેવનો ઉદ્દેશ્ય જૈનોને તેમના જૈનધર્મથી માહિતગાર કરાવવાનો હતો જેથી ભૂતકાળમાં થયેલી ધર્મોન્નતિની વાત સાંભળીને પોતે પણ પોતાની ઉન્નતિ સાધી શકે અને કુસંપ વગેરેથી દૂર રહે. ગુરૂદેવે પ્રાચીન ઈતિહાસ, તીર્થ ગાઈડ, જૈન તત્વદર્શન, પટ્ટાવલીઓ, શિલાલેખો વગેરેનો અભ્યાસ કરીને ભવિષ્યની પ્રજાની જાણકારી માટે આ પુસ્તક તૈયાર કર્યું છે. એમાં તેમણે દર્શાવ્યું છે કે અગાશી તીર્થમાં મુનિસુવ્રત સ્વામિની મૂર્તિ મુનિસુવ્રતસ્વામીના સમયની જ છે... ઋષભદેવની જે પ્રતિમાનું પુજન શ્રીપાળરાજા અને મયણાસુંદરી ઉજ્જૈનમાં કરતાં હતા તે હાલ કેસરિયાજી માં છે.... અંતરિક્ષજીની મૂર્તિ રાવણના સમયની છે.... સંખેશ્વર પાર્શ્વનાથની મૂર્તિ શ્રી કૃષ્ણના વખતની છે.... અરબસ્તાનના મક્કા શહેરમાં જૈન મૂર્તિઓ હતી તેમાંથી જીવિત સ્વામી અને બીજી દેવીઓની મૂર્તિ જાવડશાહ દ્વારા ત્યાંના રાજાની મદદથી મહુવા લાવવામાં આવી.... નેપાળમાં સ્કુલિંગ પાર્શ્વનાથ અને છાયા પાર્શ્વનાથના મંદિરો હતા...

ગુરૂદેવે અન્ય પુસ્તકોને અભ્યાસ કરીને તેની માહિતીનું અને સંકલન આમાં કર્યું છે. આ સિવાય તેમણે તામિલ ભાષાનું વ્યાકરણ જૈનોની કૃતિ છે વગેર માહિતિ આપી છે.

## જૈન ધાતુ પ્રતિમા લેખ સંગ્રહ

ગુરૂદેવની પ્રેરણાથી અધ્યાત્મ જ્ઞાન પ્રસારણ મંડળ દ્વારા ભારતના સર્વ જૈન મંદીરો અને ભંડારોમાંથી જે લેખ મળ્યા તેનું આ પુસ્તકમાં સંકલન કરવામાં આવ્યું. આ ગ્રંથના પ્રથમ ભાગમાં ૧૫૨૩ લેખો તથા બીજા ભાગમાં ૧૫૦૦ જેટલા લેખો આપ્યા છે. આ લેખો કયા મંદીર અને કયા ગામમાંથી લેવામાં આવ્યા છે તેની વિગત પણ આપી છે. આ લેખ પરથી પૂર્વે દીવ અને કોડિનાર ગામમાં કેટલા ધનાઢ્ય શ્રાવક રહેતા હતા જ્યાં આજે કોઈ નથી એ હકીકત તરફ આપણું લક્ષ જાય છે.

## મુદ્રિત જૈન શ્વેતાંબર ગ્રંથ ગાઈડ

આ એક અનોખું પુસ્તક છે જેમાં ભારતવર્ષનાં સર્વ જૈન ગ્રંથ ભંડારો, ત્યાં સંગ્રહિત થયેલાં સર્વ મુદ્રિત ગ્રંથો, શિલાલેખો તથા ફ્રેંચ સંશોધનકાર ડો. ગેરિનો સે ક્યા શિલાલેખો કયા અંગ્રેજી કે બીજા પુસ્તકો માં છાપ્યા તેની વિગત આપી છે. આમાં જૈન શ્વેતાંબર અને દિગંબર માસિક, પાક્ષિક, સાપ્તાહિક ક્યાંથી પ્રગટ થાયેલ છે તેની વિગત આપી છે. તે ઉપરાંત ગ્રંથ ભંડારમાં આવેલા પુસ્તકોના લેખકોનાં નામ, તેની ઉપલબ્ધીનું સ્થાન, તેની રચનાનો સમય તથા હસ્તલિખિત ગ્રંથોની નામાવલી વગેરે આપી છે.

આ ભગીરથ કાર્ય માટે ત્રણ કાર્યવાહક મંત્રીયો (૧) ઝવેરી જીવણચંદ સાકરચંદ, ૨) મણિલાલ મોહનલાલ પાદરાકર ૩) મહોનલાલ ભગવાનદાસ ઝવેરી તથા ઈડરના વડીલ શા વર્ધમાન સ્વરુપચંદ દ્વારા દરેક જ્ઞાનભંડારમાં જૈન પંડિતો મોકલીનો સર્વ માહિતી એકત્ર કરવામાં આવી. આમ ગુરૂદેવની મહેનતથી આ અમૂલ્ય કાર્ય થયું.

# પદ્ય સાહિત્ય

## ભજન સંગ્રહો

ગુરૂદેવનાં ભજનો અધ્યાત્મજ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, પ્રભુપ્રેમ તથા આત્મતત્વથી ભરપૂર હોવાને લીધે તેના શ્રવણ માત્રથી વ્યક્તિ આહ્લાદક શાંતિ અને સુખનો અનુભવ કરે છે. તેમના ભજનોમાં સંપ્રાદાયિક તત્વ ને બદલે આત્મિક રસાયણ હોવાથી સર્વ કોમ - મુસ્લિમ, મીર, બ્રાહ્મણ, વૈષ્ણવ, પટેલ, અત્યંજ સર્વ લોકો ગાય છે.

તેમનું લોકપ્રિય ભજન જે અમીર દિલની ખુમારીથી લખાયેલુ છે એમાં તેઓ દુનિયાના લોકો વખાણ કરે કે ઉપાલંભ આપે તો પણ જરાપણ વિચલિત થયા વગર પ્રભુ ભક્તિમાં મગ્ન થવાનું સુચવે છે.

*ભયે હમ આતમ મસ્ત દિવાના*
*ભયે હમ આતમ મસ્ત દિવા,*
*દુનિયા કી હમકું નહિ પરવાહ,*
*જબ જગ નાટક માના....*
*દુનિયા કે અભિપ્રાય મેં હમને હર્ષ શોક નહીં માના,*
*પ્રભુ મસ્તી મેં હમ મસ્તાને, હમ નહીં પાગલ શ્યાના....૧)*

(ભજન સંગ્રહ ભાગ ૧૦)

લોકોમાં વૈરાગ્ય ભાવના જાગૃત કરવા માટે તેઓ કર્મની સત્તા લક્ષ્મીની ચંચળતા અને દેહની ક્ષણભંગુરતા તેમના ભજનમાં તેઓ વર્ણવે છે.

*કોઈ જન નાચે, કોઈ જન રૂવે, કોઈ જન યુદ્ધ કરંતા,*
*કોઈ જન જન્મે કોઈ જન ખેલે, દેશાટન કોઈ કરતા......૧)*
*લક્ષ્મી સત્તાથી શું થાવે, મનમાં જો જો વિચારી,*
*એક દિન ઉડી જાવું અંતે, દુનિયા સૌ વિસારી.....૧)*

(ભજનપદ સંગ્રહ ભા. ૧ પાનું ૨૩૭)

## કક્કાવલી સુબોધ

લોકોને બોધ આપવનો તેમનો આગ્રહ હોવાથી આ ગ્રંથ તેમના આયુષ્યના અંતિમ તબક્કામાં રચાયેલો છે. આ ગ્રંથમાં કક્કાવલીના પ્રત્યેક અક્ષર પર નાની પુસ્તિકાળી જ રચના થયેલી છે. આ ગ્રંથ દ્વારા ભાષાપરનું તેમનું અપ્રતીમ પ્રભુત્વ છતું થાય છે.

*અજ્ઞાની રહેવું નહિં આતમ, સર્વ દુખ હેતુ અજ્ઞાન,*
*અજ્ઞાની પશુ સરખો જાણો, અજ્ઞાને ભવદુખની ખાણ.....૨)*

*ચાલાકી કર નહીં ગુરૂ સાથે, માતાપિતા વિશ્વાસી સાથે,*
*ચાલાકી જ્યાં ઘટે ત્યાં સારી, બાકી બાવળીયાથી બાથ....૩)*

*તપસ્વીઓની સેવા ભક્તિ કરવામાં અપાઈ જાવ,*
*તપસ્વીઓને પ્રસન્ન રાખો, લ્યાં સેવાનો ભાવે લ્હાવો...(૪)*

## સાબરમતી ગુણશિક્ષક કાવ્ય

જ્યારે ગુરૂદેવ વરઘોડા સ્થિત એકલશૃંગી આશ્રમમાં સાબરમતીના તીરે રહ્યા હતા ત્યારે આ કાવ્યની રચના કરી હતી. નદીના દૃશ્ય જોઈને તેના પરથી લોકોને બોધ આપવાનો તેમને વિચાર સ્ફુર્યો, જેમકે નદી નાના બડોળ પત્થરોને પોતાળી રેતી અને પાણીની મદદ લઈને તેને ગોલાકાર બનાવે છે તેજ પ્રમાણે જ્ઞાની મનુષ્ય પોતાના શિક્ષણ અને અનુભવની મદદ લઈને અજ્ઞાની મનુષ્યને જ્ઞાની બનાવે છે. વર્ષાઋતુનાં પુરની ગતિ અશ્વની હોય છે જે ટૂંક સમયમાં વિલિન થઈ જાય છે, તેજ પ્રમાણે યૌવન અને લક્ષ્મી પલક્વારના મહેમાન છે એમ મનુષ્યે યાદ રાખવું જોઈએ.

પ્રભાતમાં સૂર્યના કુંકુવર્ણા કિરણો મહીં પર પડવાથી તેની પૂજા અને અર્ચના થતી હોય એમ ભાસે છે - આ પંક્તિઓમાં કવિની કાવ્યશક્તિ પૂર બહારમાં ખીલેલી અનુભવાય છે.

*પરભાતમાં પૂજે રવિ કુંકુમ કિરણોએ ત્હને,*
*પુજાય ત્યાં આશ્ચર્ય શું ? પરમાર્થની મૂર્તિ બને,*
*કુંકુમ કિરણ તવ જલ વિશે, પડતાંજ શોભા બહુ થતી,*
*પરમાર્થ દેવીની અહો જાણેજ કરતાં આરતી (૩૧૫)*

**ભારત સહકાર શિક્ષણ કાવ્ય**

સવંત ૧૯૭૪ ની સાલમાં વીજાપુર ગામમાં પ્લેગ ફાટી નિકળતા ગામનાં સર્વ લોકો ગામ બહાર ખેતરમાં હતા, ત્યારે ગુરૂદેવે આમ્રવૃક્ષની નીચે આંબા ઉપરથી ગુણ-શિક્ષણ લઈને કાવ્યમય ગ્રંથની રચના કરી.

આંબાના મૂળ જોઈને તેઓ મનુષ્યને પોતાની ઉન્નતિ સાધવા માટે કહે છે.

*મૂળો નહીં મજબૂત તેવી કોમ જીવતી ના રહી,*
*રાષ્ટ્રો ઘણા વિણસી ગયા ઇતિહાસમાં સાક્ષી સહી,*

*મૂળો નહીં મજબૂત તેવા ધર્મ પણ ચાલ્યા ગયા.*
*મૂળો ઉઘાડા થાવતાં, શુભ જીવનનાં સંશય થયા.*

*આબાંથી શિક્ષણ ગ્રહો, ન્હાનાં બાલક વૃન્દ*
*વાળ્યાં વણશે બાલ્યમાં, હોય પછીથી મંદ*

*સદ્‌ગુણ પન્થે વાળવાં પહેલાંથી નરનાર,*
*કઠિન થયા પછીથી અરે પડે નહીં સંસ્કાર. (૧૧૨)*

**ૐ શાંતિઃ શાંતિ શાંતિઃ**

**સ્વ. આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિ મહારાજનું ૮૦ વર્ષ પહેલાનું ભવિષ્યદર્શન જે આજે સનાતન સત્ય બનેલ છે**

# ભવિષ્યદર્શન

એક દિન એવો આવશે, એક દિન એવો આવશે
મહાવીરના શબ્દો વડે, સ્વાતંત્ર્ય જગમાં થાવશે....
સહુ દેશમાં સ્વાતંત્ર્યનાં, શુભ દિવસ વાદ્યો વાગશે.
બહુ જ્ઞાન વીરો કર્મવીરો, જાગી અન્ય જગાવશે...
અવતારી વીરો અવતરી કર્તવ્ય નિજ બજાવશે.
અશ્રુ લ્હુહી સૌ જીવનાં, શાંતિ મિલી પ્રસરાવશે...
સહુ દેશમાં સૌ વર્ણમાં, જ્ઞાનીજનો બહુ ફાવશે.
ઉદ્ધાર કરશે દુઃખીનો, કરૂણા ઘણી મન લાવશે...
સાયન્સની વિદ્યા વડે, શોધો ઘણી જ ચલાવશે.
જે ગુપ્ત તે જાહેરમાં અદ્ભુત વાત જણાવશે...
રાજા સકળ માનવ થશે, રાજા ન અન્ય કહાવશે.
હુન્નર કળા સામ્રાજ્યનું, બહુ જોર લોક ધરાવશે...
એક ખંડ બીજા ખંડની, ખબરો ઘડીમાં આવશે.
ઘરમાં રહ્યા વાતો થશે, પરખંડ ઘર સમ થાવશે...
એક ન્યાય સર્વે ખંડમાં, સ્વાતંત્ર્યતામાં થાવશે.
બુદ્ધિસાગર પ્રભુ મહાવીરનાં, તત્ત્વો જગતમાં વ્યાપશે.

પ્રિન્ટર્સ : કિરીટ બી. વડેચા, ભાયખલા – ૩૭૩૭૬૦૦/૩૭૨૪૬૪૩